
# આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ ધન**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચંદ્ર મકરમાં સવા પાંચે સાંજે પ્રવેશે છે. ચાંડાલ યોગ ચાલુ છે. સૂર્ય ઉચ્ચનો - મંગળ સ્વગૃહી છે. સારા - ખરાબયોગો ૫૦-૫૦ ચાલે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** રાશિમાં શુક્ર બુધની યુતિ ઉચ્ચના સૂર્ય સાથે છે જે ઉત્તમ છે - ફાયદાકારક છે - ભાગ્યમાં ચંદ્ર છે જે સારો ગમાય છે ચાંડાલ યોગને કારણે સંતાનો બાબત પ્રશ્ન ઉદ્‌ભવે - બાકી સારું છે.

**વૃષભ** સાતમે શનિ મંગળની યુતિ તમારે માટે શુભ ન ગણાય. ચોથે ચાંડાલ યોગ પણ વાદ - વિવાદમાં ન ઉતારે તેનું ધ્યાન રાખવું. કૌટુંબિક - સાંસારિક સુખ ઓછું પ્રાપ્ત થાય.

**મિથુન** સાતમે ચંદ્ર ઉત્તમ છે - જીવનસાથી સાથેનો સમય આનંદ - પ્રમોદમાં વિતાવી શકો. અગિયારમે સૂર્ય - બુધ - શુક્ર ઉત્તમ યોગ સર્જે છે - વિજયયોગ થાય છે.

**કર્ક** દસમે સૂર્ય - બુધ - શુક્રનો ઉત્તમ યુતિ સંયોગ છે - વિજય યોગ થાય છે - આગામી સમય તમારા માટે ઉત્તમ સમય છે. જે કરવું હશે તે કરી શકશો - મિત્રો મદદકર્તા રહેશે.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ થયેલ છે જેને કારણે તમારો વાણી ઉપર કાબુ રહેશે નહીં. મહાદેવની ભક્તિ - પૂજા કરવી. જેથી રાહુની અવદશા દૂર થાય - સાવધ રહેશો.

**કન્યા** ચોથે ચંદ્ર માતૃસુખ અતિ પ્રમાણમાં આપે - સુખ મળે - શરદીથી - સાચવવું. આઠમે સૂર્યુચ્ચનો છે જેનાથી તમારે પડવા - વાગવા - દાઝવાથી સાચવવું.

**તુલા** સાતમે ઉચ્ચનો સૂર્ય બુધ શુક્રની યુતિ સાથે છે - જેથી તમારે બધી રીતે સુખ શાંતિ મળે તેવો યોગ છે - શુક્રની દ્રષ્ટિથી મહદ્ અંશે લાભ મળશે.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં શનિની યુતિમાં વક્ર ગતિથી ચાલે છે - વ્યગ્રતા - મૂંઝવણ - દુ:ખ, ગ્લાનિ વિગેરેમાં સમય પસાર થઈ શકે તેવો યોગ છે.

**ધન** રાશિમાં ચંદ્ર સુંદર યોગનું સર્જન કરે છે - બારમે શનિ મંગળ વક્રી યુતિની ચાલે છે. જેથી તમારે પડવા - વાગવાનો યોગ થાય છે માટે સાચવવું.

**મકર** આજે ચંદ્રનો સાંજે રાશિ પ્રવેશ ઉત્તમ યોગનું સર્જન કરે છે. સાંજ પછીથી આઠમે ચાંડાલ યોગ થોડા વધુ હેરાન કરે તેવા યોગો ઉભા થાય છે - સાવધ રહેવું.

**કુંભ** સાતમે ચાંડાલ યોગથી તમો અવળવાણી ના ઉચ્ચારો તેનું ધ્યાન રાખશો. અપશબ્દો ઉચ્ચારવા નહીં - ત્રીજે ઉચ્ચનો સૂર્ય હુકમ કારણ વાક્યો બોલાવે.

**મીન** રાશિમાંથી શુક્ર છૂટો પડી ગયો છે જે ઉચ્ચના સૂર્ય અને બુધ સાથે યુતિમાં છે તેથી સરવાળે સાધારણ મિશ્ર દિવસ પસાર થઈ શકે છે.

## થાયરોકેર ટેકનોલોજીઝ લીમીટેડનો ઈસ્યુ ખુલી ગયો

થાયરોકેર ટેકનોલોજીઝ લીમીટેડ (“કંપની” અથવા “ઈસ્યુઅર”)ની રૂ. ૧૦નો એક (“ઈક્વીટી શેર”) એવા ૧૦,૭૪૪,૭૦૮ સુધીના ઈક્વીટી શેરની પબ્લીક ઓફર બુધવાર, એપ્રિલ ૨૭,૨૦૧૬ના રોજ ખુલી ગયો છે. જેનો પ્રાઈસ બેન્ડ ઈક્વીટી શેર દીઠ રૂ. ૪૨૦ થી રૂ. ૪૪૬ નો છે. જેમાં વેચાણકર્તા શેરહોલ્ડર્સની ઓફર ફોર સેલ (“ઓફર”) દ્વારા (ઈક્વીટી શેર દીઠ શેર પ્રીમીયમ સહિત)નો સમાવેશ થાય છે. આ ઓફર ફોર સેલમાં (૧) એગાલિઆ પ્રાઈવેટ લિમીટેડ દ્વારા ઓફર કરાતા ૧૦,૨૦૭,૪૭૨ ઈક્વીટી શેર (૨) એ. સુંદરરાજુ એચયુએફ દ્વારા ઓફર કરાયેલા ૧૮૦,૦૦૦ સુધીના ઈક્વીટી શેર (૩) એ. વેલુમણિ એચયુએફ દ્વારા ઓફર કરાયેલા ૧૮૦,૦૦૦ સુધીના ઈક્વીટી શેર અને (૪) આનંદ વેલુમણિ દ્વારા ઓફર કરાયેલા ૧૭૭,૨૩૬ સુધીના ઈક્વીટી શેરનો સમાવેશ થાય છે. મીમીમમ બીડ લોટ ૩૩ ઈક્વીટી શેરનો છે અને ત્યારબાદ ૩૩ ઈક્વીટી શેરનો ગુણાંક રહેશે. ધી સીક્યોરીટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના સુધારાવધારા સાથેના (ઈશ્યુ ઓફ કેપીટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટસ) નિયમો, ૨૦૦૯ (‘ડસેબી રેગ્યુલેશન્સ”) અનુસાર કંપની અને તેના સેલીંગ શેરહોલ્ડર્સ બુક રનીંગ લીડ મેનેજર્સ (‘ડબીઆરએલએમ”)ના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગીતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બીડ/ઈશ્યુ ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે એન્કર ઈન્વેસ્ટર બીડીંગ ડેટના રોજ બીડ કરી શકશે. આ બીડ/ઓફર શુક્રવાર, એપ્રિલ, ૨૯, ૨૦૧૬ના રોજ બંધ થશે. આ ઓફર દ્વારા ઓફર કરાયેલા ઈક્વીટી શેરને બીએસઈ લીમીટેડ (‘ડબીએસઈ”) તથા નેશનલ સ્ટોક એકસ્ચેન્જ ઓફ ઈન્ડિયા લી. (“એનએસઈ”) પર લીસ્ટ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

## હિંમતનગરના વિવિધ વિસ્તારમાંથી બે બાઈક ચોરાયા

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગરમાં મહાવીરનગરના ગાયત્રીનગર તેમજ દુર્ગા કોમ્પલેક્ષ પાસેથી બે બાઈક કોઈ ગઠિયા ચોરી જતા વાહનચોરીની ઘટના અંગે સોમવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

મહાવીરનગરના ગાયત્રીનગરમાં રહેતા નટવરભાઈ ત્રિકમભાઈ નાયકે પોતાનું બજાજ ડીસ્કવર બાઈક નં. જીજે.૨૪.ઈ. ૩૩૬૦ પોતાના ઘર પાસેની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી મુક્યુ હતુ. રૂ. ૮ હજારની કિંમતનું બાઈક ગત શુક્રવારે કોઈ ગઠિયો ચોરી જતા સોમવારે તેમણે વાહન ચોરી અંગે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે વાઘરોટાના રહીશ બિપીનભાઈ ચીમનભાઈ વણકર ગત મંગળવારે હિંમતનગર ખાતે આવ્યા બાદ પોતાનું બાઈક નં. જીજે.૯સીડી.૨૫૦૧ દુર્ગા કોમ્પલેક્ષ પાસે પાર્ક કર્યું હતું. રૂ. ૧૦ હજારની કિંમતનું પેશન બાઈક કોઈ ગઠિયો ચોરી જતા સોમવારે તેમણે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ફોટો ટોક....

■ હિરેન ભટ્ટ



ગ્રીષ્મની ગરમીમાં ગાંધીનગરની ગરિમા એટલે ગરમાળો. ગગનમાંથી અગન વરસતી હોય ત્યારે ગાંધીનગરના મૃગજળભર્યા માર્ગોની શોભા છે આ ગરમાળો... સંજોગો જ્યારે વિપરીત હોય ત્યારે જ વીરલ વ્યક્તિત્વો નિખરી આવતા હોય છે, એમ જેમ તડકો વધુ તપે તેમ ગરમાળો વધુ ખીલે છે. પર્ણ વિનાની ડાળીઓ પર ઝુમ્મરની જેમ લટકતા ગરમાળાના પીળા પટ્ટક ફૂલો આપણી આંખોનો વૈભવ બની રહે છે. હિન્દીમાં જેને ‘અમલતાસ’ તરીકે ઓળખીએ છીએ એ ગરમાળો કેરાલાનું ‘રાજ્ય ફૂલ’ અને થાઈલેન્ડનું ‘રાષ્ટ્રીય પુષ્પ’ છે. અંગ્રેજીમાં **Golden Shower** તરીકે ઓળખાય છે એ ગરમાળો ગાંધીનગરનું ગૌરવ છે..! વિધાનસભાની પાછળના છ-માર્ગ પર, ડીવાઈડર પર જ દમામભેર ઉભેલા આ ગરમાળાને સમી સાંજે જોવા જજો. સોડીયમ લાઈટના પીળા અજવાળામાં આ પીળો ગરમાળો તમારી બધી જ પીડા હરી ન લે તો કહેજો...







# મેઘરજના પીસાલ ગામેથી અંગ્રેજી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પીસાલ ગામેથી વહેલી સવારે બીનવારસી દારૂ ભરેલી ટ્રક મળી આવતા આ ટ્રકની જાણ લોકોને થતાં આ ટ્રકને જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટયા હતા અને આ ટોળાએ ટ્રકમાં રહેલ દારૂની લુંટ ચલાવી હતી. પીસાલ ગામની સીમમાં દાંતીમાં ખુલ્લા ખેતરમાં કંઈક કારણોસર ટ્રક ડ્રાઈવર અને કડંકટર ટ્રક બીનવારસી મુકીને ફરાર થઈ ગયા હતા ત્યારે વહેલી સવારે આજુબાજુની પ્રજાને જાણ થતાં આ બીનવારસી ટ્રકને જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટયા હતાં. તે દરમિયાન ટોળાએ ટ્રકમાંથી દારૂની લુંટ ચલાવી હતી. આ ઘટનાની જાણ મેઘરજ પોલીસને થતા મેઘરજ પીએસઆઈ ભાવનાબેન પટેલ તાબડતોબ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ત્યારબાદ અરવલ્લી એસ.ઓ.જી. તથા એ.સી.બી.પણ ઘટના સ્થળે પહોંચી હતી. ટ્રકમાં વધુ દારૂ હોઈ ટ્રકને મેઘરજ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. જે ટ્રકમાંથી કુલ બોટલ નંગ ૧૦૭૦૯ જેની કુલ કિંમત ૪૨૮૩૬૦૦ તથા ટ્રકની કિંમત પંદર લાખ તથા તાડપત્રીની કિંમત ૫૦૦ રૂ. તથા રસ્સીની કિંમત રૂ. ૧૦૦ એમ કુલ મળી રૂ. ૫૭૮૪૨૦૦નો વાહન સહિત મુદ્દામાલ ઝડપી પાડયો હતો. જેમાં એલસીબીએ પ્રોહીબીશન એકટ કલમ ૬૬ (૧) બી, ૬૫ એઈ, ૧૧૬ બી મુજબ ગુન્હો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પિસાલ ગામે ટ્રકમાંથી ૪૨.૮૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો : ટ્રકચાલક ફરાર

અરવલ્લી જિલ્લાની રતનપુર ચેકપોસ્ટ, રેલ્લાવાડા નજીક તેમજ મેઘરજની ઉન્ડવા નજીક રહેલી આંતરરાજ્ય સરહદનો ઉપયોગ કરી બુટલેગરો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાત રાજ્યમાં દરરોજ ઘુસાડવા પ્રયત્નશીલ હોય છે. મંગળવારે જિલ્લા એલસીબી ઈન્ચાર્જ પી.આઈ. પી.એસ. પરમાર અને એસ.ઓ.જી. સ્ટાફ અને મેઘરજ પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનુ સઘન ચેકિંગ હાથ ધરતા પોલીસ પેટ્રોલીંગ જોઈ પિશાલ નજીક ટ્રકનો ટ્રકચાલક રાજ્ય ધોરીમાર્ગની બાજુમાં ટ્રક ઉભી રાખી ફરાર થઈ જતા પોલીસે ટ્રકનો કબ્જો મેળવી તલાશી કરતા તાડપત્રીની નીચે છુપાવીને રાખેલો વિદેશી દારૂની બોટલો નંગ ૧૦૭૦૯ કિંમત રૂ. ૪૨૮૩૬૦૦ તથા ટ્રકની કિંમત ૧૫ લાખ તેમજ ટાટપત્રીની કિંમત રૂ. ૫૦૦ તથા રસ્સીની કિંમત રૂ. ૧૦૦ મળી કુલ ૫૭,૮૪,૨૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી મેઘરજ પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ પ્રોહીબેસન એક્ટ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ત્રણ વર્ષ માન્ય રહેશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓ.બી.સી. કેટેગરીની ગુજરાતની અંદાજે ત્રણ કરોડ જનસંખ્યાને પ્રમાણપત્રો મેળવવામાં સરળતા રહેશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે જુન ૨૦૧૫માં મુખ્યમંત્રીએ આવી જાતિઓના આવકના પ્રમાણપત્ર ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો નિર્ણય જાહેર કર્યો હતો. પ્રવર્તમાન નીતિ પ્રમાણે આવા નોનો ક્રિમીલેયર પ્રમાણપત્રો મેળવવા માટે સંવેધાનિક હોદ્દાઓ સેવા કક્ષા, લશ્કરી હોદ્દાઓ વેપાર, ઊદ્યોગ અને વ્યવસાયિક વર્ગો, માલ મિલ્કત ધારણ કરનાર તથા આવક અને સંપતિ પ્રમાણપત્ર એમ ૬ પ્રકારના માપદંડો પૂર્ણ થવા જરૂરી છે. મુખ્યમંત્રી સમક્ષ આ તમામ માપદંડો માટે ત્રણ વર્ષ સુધી પ્રમાણપત્ર માન્ય રાખવાની સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ વાલીઓ તરફથી થયેલી રજુઆતોને પગલે તેમણે હવેથી આ બિન ઉન્નત વર્ગ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર આ તમામ બાબતો માટે પણ ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો જનહિત નિર્ણય કર્યો છે. વિશેષ ઉલ્લેખનીય છે કે, આ નિર્ણય રાજ્ય સરકાર હેઠળના અનામત હેતુઓ માટે જ માન્ય રહેશે.

# કચરામાંથી કંચન બનાવવા અભિયાનનો પ્રારંભ કરાયો

અમદાવાદ, તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત મિશનને વધુ બળ આપવા રાજયના મોટા શહેરોના ધન કચરાના નિકાલની સાથે સાથે તેમાંથી ઉત્તમ ગુણવત્તા યુક્ત ઓર્ગેનિક જૈવિક ખાતર બનાવવાની પહેલ સમગ્ર દેશમાં આજે ગુજરાતે કરી છે, તેમ ગાંધીનગર કૃષિભવન ખાતેથી ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલના સીટી કમ્પોસ્ટ ઓર્ગેનિક ખાતરના માર્કેટીંગના પ્રથમ જથ્થાને લીલી ઝંડી આપતા કૃષિ મંત્રી બાબુભાઈ બોખિરીયાએ જણાવ્યું હતું. મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, આ અભિયાનનો એક હેતુ મ્યુનિસિપલ ધન કચરાને આધુનિક અને વૈજ્ઞાનિક રીતે ટ્રીટમેન્ટ આપવાનો છે. ધન કચરામાંથી તૈયાર કરવામાં આવતું ખાતર ગુણવત્તા યુક્ત અને પોષકતત્વો વાળુ હોય છે. જેથી પાકની ગુણવત્તા વધે છે અને ખેડુતના ખર્ચમાં ઘટાડો થાય છે. આ નર્મદા સીટી કમ્પોસ્ટ ઓર્ગેનિક ખાતરના વધુ ઉપયોગથી રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટશે અને તેના પરિણામે રસાયણિક ખાતર પરની સબસિડીમાં બચત થશે જે દેશના અન્ય વિકાસ કામો પાછળ ખર્ચ કરી શકાશે. ગુજરાતે સરકારે જીએનએફસીના સહયોગથી સાચા અર્થમાં કચરામાંથી કંચન બનાવવાના અભિયાનનો આજે પ્રારંભ કર્યો છે. આ અભિયાનને દેશના અન્ય રાજ્યો પણ અપનાવશે તેવો મંત્રી બોખિરીયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અને જીએનએફસીના એમડી રાજીવ કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને જીએનએફસી સ્વચ્છ ભારત મિશન હેઠળ મ્યુનિસિપલ ધન કચરામાંથી ઓર્ગેનિક ખાતરનાં ઉત્પાદન, વેચાણ માટે કટિબદ્ધ છે. સ્વચ્છ ભારત મિશનને આગળ વધારવામાં ગુજરાતની આજની આ નર્મદા સીટી કમ્પોસ્ટ ઓર્ગેનિક ખાતરની પહેલ અગત્યની સાબિત થશે. કેન્દ્ર સરકાર દ્વારા બધી જ ખાતર ઉત્પાદક કંપનીઓને શહેરી ધન કચરાને વૈજ્ઞાનિક રીતે પ્રોસેસ કરી તૈયાર કરવામાં આવેલ સીટી કમ્પોસ્ટ ખાતરના માર્કેટીંગની જવાબદારી અપાઈ છે. જેના કારણે બે ફાયદા થશે. એક મ્યુનિસિપલ વિસ્તારોમાં પ્રતિદિન ઠાલવતા હજારો મેટ્રીક ટન કચરાનો નિકાલ થશે અને જામીન સુધારણા માટે ઉત્તમ ઓર્ગેનિક ખાતર સીટી કમ્પોસ્ટનું ઉત્પાદન થશે આ માટે કેન્દ્ર સરકાર દ્વારા સીટી કમ્પોસ્ટ માટે સબસીડી યોજના પણ જાહેર કરવામાં આવી છે.

## દરખાસ્ત કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજીતરફ એક દાયકા જેટલા સમયના અંતે ઉચ્ચ કક્ષાએ મળેલી બેઠકના અંતે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલ નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જો કે મોટાભાગના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જેના ઠેકાણે નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહયુ છે. પરંતુ સેકટરોમાં બાકી રહેતા સરકારી મકાનો પણ કંગાળ ભાસી રહયા છે. જેના લીધે સરકારી આવાસોમાં રહીશોને માથે સલામત છત નસીબ ન થતી હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. હાલ પણ સેકટરોમાં છતમાંથી પોપડા ખરવાની ઘટનાઓ બને છે. જેના લીધે આવાસોના મજબુતીકરણની કામગીરીમાં વેગ આવે તેવી માંગણી પ્રબળ બની છે. તંત્ર દ્વારા શહેરના ગ કક્ષાના સરકારી આવાસોનુ મજબુતીકરણ હાથ ધરવા માટે ટુંકમાં જ વિભાગને દરખાસ્ત કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગ અને ગ-૧ કક્ષાના આવાસો માટે મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવશે.

## સંસદમાં હોબાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર વચ્ચે કોઈ સાંઠગાંઠ આમા રહેલી નથી. રાજ્યસભામાં કાર્યવાહી મોકુફ કરવામાં આવી હતી. કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂ જેટલીએ કહ્યુ હતુ કે આ સોદાબાજીમાં લાંચ ચોક્કસપણે લેવામાં આવી હતી. રાજ્યસભામાં ભાજપના નેતા સુબ્રમણિયમ સ્વામીએ કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના નામનો ઉલ્લેખ કરતા હોબાળાની શરૂઆત થઈ હતી. કોંગ્રેસના સાંસદોની ધમાલ બાદ કાર્યવાહી મોકુફ કરવામાં આવી હતી. કોંગ્રેસના સભ્યો ધાંધલ મચાવીને વચ્ચોવચ પહોંચી ગયા હતા. જેટલીએ કહ્યુ હતુ કે નોટીસ પહેલા જ કોંગ્રેસ પાર્ટીના લોકો સફાઈ આપી રહ્યા છે.

અત્રે નોંધનીય છે કે ઓગસ્ટા વેસ્ટલેંડ હેલિકોપ્ટર સમજૂતિમાં ઈટાલીની એક અદાલતે મોટો ખુલાસો મંગળવારના દિવસે કર્યા બાદ ભારતમાં જોરદાર રાજકીય ગરમી છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં કોર્ટ એમ કહીને કોંગ્રેસની છાવણીમાં સોંપો પાડી દીધો છે કે કૌભાંડ થયું હતું અને લાંચ રૂશ્વત આપવામાં આવી હતી. લાંચરૂશ્વતમાં એરફોર્સના પૂર્વ વડા પણ સામેલ હતા. કોર્ટે કબૂલાત કરી હતી કે, આ ડીલમાં ભ્રષ્ટાચાર મોટાપ્રમાણમાં થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટા કંપનીએ ભારતમાં ૩૬૦૦ કરોડ રૂપિયામાં ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટરની સોદાબાજી કરી હતી. બીજી બાજુ આ ખુલાસા બાદ કેન્દ્ર સરકારે હવે રોમમાં ભારતીય દૂતાવાસ પાસેથી કોર્ટના ચુકાદા અંગે માહિતી માંગી છે. આ ડિલમાં સંરક્ષણ મંત્રાલય દ્વારા ત્યાંના દૂતાવાસ પાસેથી નિર્ણયની માહિતી માંગી છે. મળેલી માહિતી મુજબ ઈટાલીની અદાલતે ૨૨૫ પાનામાં પોતાનો ચુકાદો આપ્યો છે જેમાં ઘણી બધી બાબતોનો ઉલ્લેખ છે. ૩૬૦૦ કરોડ રૂપિયાની આ સોદાબાજીમાં ૧૨૫ કરોડની લાંચ અપાઈ હતી. પોતાના ચુકાદામાં ૧૭ પાનામાં એરફોર્સના પૂર્વ વડા એસપી ત્યાગીની ભૂમિકાનો પણ ઉલ્લેખ કરાયો છે. ચુકાદાના સિંગનોરા ગાંધીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એવો આક્ષેપ છે કે, સિંગનોરા ગાંધીનો મતલબ સોનિયા ગાંધી છે. ઈટાલિયનમાં સોનિયાનો મતલબ લેડી થાય છે જ્યારે મનમોહનસિંહના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મનમોહનસિંહ, અહેમદ પટેલ, ઓસ્કાર ફર્નાન્ડીઝના નામનો પણ ઉલ્લેખ છે. ૨૦૦૫-૦૭ના ગાળા દરમિયાન આ સમજૂતિ થઈ હતી તે વખતે ત્યાગી હવાઈ દળના વડા હતા.

## મનનાં ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

એટલે તરત ખુરશીમાંથી બેઠા થઈ જવાયું. બારણું ખોલી બહાર આવ્યા અને છાપુ ઉઠાવી ફિંડલું ઉકેલ્યું. બરાબર ચોથે પાને એક ખૂણામાં સરસ બોક્સમાં કવિતા છપાયેલી જોઈને કવિ રાજી રાજી થઈ ગયા. છપાયેલી કૃતિ નીચે પહેલવહેલીવાર પોતાનું નામ વાંચવાનો આનંદ કેવો હોય એનું વર્ણન સંજયભાઈને સરસ કર્યું છે એટલે એમાં હું મારું માથું નહીં ખોસું. મારું કહેવાનો મુદ્દો એક જ છે કે એક બાજુ માખીનું મરણ થયું અને બીજી બાજુ કવિનો જન્મ થયો. મતલબ માખીનો મોક્ષ થયો અને કવિનો ઉદ્‌ભવ થયો. કેવો થયો એની વાત ફરી કોઈ વાર.

બસ, આપણી વારતા પૂરી.

**● પંખીઓ**

*રોજ વહેલી સવારે*
*મારી સામે બેસીને ગાઓ છો*
*મારી આસપાસ ઉડાઉડ કરો છો -*
*તમને કયાંથી ખબર હોય કે*
*તમારા ટહુકા મારી કવિતાના બોલ*
*મારી કલ્પના તમારી પાંખો*
*તમે મારી કવિતામાં*
*તમે મારી કવિતા - ?*

- જયંત પાઠક

## લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

યાત્રા આજે અવકાશની અનેક શક્યતાઓને આંબવા મથી રહી છે. જે અથાગ આત્મબળની જ પ્રતીતિ કરાવે છે. મિત્રો, ઘણીવાર મને લાગે છે કે શક્તિના અનંત ભંડાર જેવા માનવીનું સર્જન કરી ઈશ્વરે હાથ ધોઈ નાખ્યા હોય એવું જરૂર લાગે છે!!

**સ્પર્શમણિ**

*WHAT IS LIFE?*
*They say it’s from B to D*
*From Birth to Death.*
*But what’s between B and D?*
*It’s a “C” so what is a “C”?*
*It is a Choice,*
*Our life is a matter of choices,*
*Live well and it will never*
*GO WRONG*

● ● ●

***જિંદગી હસાવે ત્યારે સમજવું કે સારા કર્મોનું ફળ મળ્યું છે અને જિંદગી રડાવે ત્યારે સમજવું કે સારા કર્મો કરવાનો સમય આવ્યો છે...!!!*** - મોરારી બાપુ

Rasikvaland1965@gmail.com

## ખોવાયેલ છે

અમારૂ વાડીલાલ ઈન્ડ્સ્ટ્રીઝ લી.નું શેર સર્ટીફિકેટ નં. ૬૯૫૦૩, ફોલીયો નં. V-01213 ખોવાઈ ગયેલ છે. જે નીચેનાને પરત કરવા વિનંતી છે.

**રામી વિષ્ણુપ્રસાદ એમ.**
ઈડર, રામીવાસ
મો. ૯૮૯૮૬૪૪૨૯૬

## જાહેર નિવિદા નં. ૦૪ સને ૨૦૧૬-૨૦૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, દ્વારા વિજળીકરણને લગતા ૭ સામ જેની અંદાજીત કિંમત રૂ. ૨૬,૮૨૫.૬૦થી રૂ. ૯૯,૬૨૬.૪૦ સુધીની છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવેલ છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૪/૫/૨૦૧૬ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૧૧/૫/૨૦૧૬ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. માહિતી/૧૮૬/૧૬-૧૭